# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૦/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 4245-4 તારીખ : 25-6-19

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
એ.એ.પુરોહિત
નિમિત માત્રમ - સુરભી એપાર્ટમેન્ટ સામે, દીપાંજલિ -૧, ટીમ્બાવાડી,
મું. પો. : જુનાગઢ, તા. : જુનાગઢ, જી. : જુનાગઢ,
પીન કોડ. : ૩૬૨૦૧૫
મોબાઈલ : ૯૮૭૯૧૯૫૩૪૧

વિષય : સોલાર રૂફ ટોપ - સરપ્લસ એનર્જી ની રકમ પરત મેળવવા બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૭-૦૫-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૫૦/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગેજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જુનાગઢ.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જુનાગઢ શહેર.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, સેટેલાઈટ જુનાગઢ.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/**૫૦/ક્વા-૧/૨૦૧૯-૨૦/ ५२४५-५    **તા.** ૨૫-૬-૧૯.

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૦/ક્વા-૧/૨૦૧૯-૨૦

અરજદાર:   એ.એ.પુરોહિત   ગામ: જુનાગઢ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા:   કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – જુનાગઢ શહેર

**:: કોરમ ::**

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ.
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી
૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

## :: અરજદારની રજૂઆત ::

૧.0 અરજદારની અરજી ના નોંધણી નંબર :૫૦/ક્વા-૧/૨૦૧૯-૨૦ મા જણાવે છે કે, સોલાર રૂફટોપ વીજઉત્પાદન ની સરપ્લસ એનર્જી ની રકમ ન મળવા અંગેની ફરીયાદ સબંધક પેટા વિભાગીય કચેરી તેમજ વિભાગીય કચેરીમાં તા.૨૫–0૩–૧૯ ના રોજ રજુઆત કરેલ પરંતુ કોઈ કાર્યવાહી કરાયેલ નથી.કરારનામા ના ક્લોઝ નં.–૫.૩(૩) મુજબ સોલાર પ્લાન્ટના વીજઉત્પાદન પૈકી ઘરવપરાશ બાદ – વધેલ સરપ્લસ એનર્જી – ડીસ્ટ્રીબ્યુશન લાઈસન્સી એટલેકે પીજીવીસીએલ દ્રારા રૂ.૩.૨૨/યુનીટ ખરીદવામા આવશે. સરકારની પ્રવર્તમાન નિતી અન્વયે પ્લાન્ટ કાર્યરત થયાના 0૨ વર્ષ બાદ – આજ સુધી દરેક વર્ષે સરપ્લસ યુનીટ રહેવા છતા – કોઈ ચુકવણુ કરાયેલ નથી. આમ– અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદાર દ્રારા સ્થાપિત કરેલ સોલાર રૂફટોપ પ્લાન્ટના ઉત્પાદન થયેલ વીજ યુનીટ ઘરવપરાશમાં વપરાશ બાદ વધેલ સરપ્લસ એનર્જી યુનીટ ની રકમ કંપની ના નિયમ મુજબ રૂ.૧૩૭૪/– નો ચેક અરજદાર ને તારીખ – ૧૮–0૬–૧૯ ના રોજ અપાયેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થતા – અરજદારે ફોરમ સમક્ષ સદર ફરીયાદ રહેતી ન હોય – જે અંગે સમાધાન પત્ર – તા.૧૮–0૬–૧૯ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૩.0 અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્રારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૩.૧ પેરા નં ૨.૦ અને પેરા નં ૩.૦ અન્વયે અરજદારની સદર ફરિયાદનું સંતોષકારક નિરાકરણ થતા - અરજદારેતા. ૧૮–૦૬–૧૯ થી લેખીત સંમતીપત્ર મા સહી કરી આપેલ છે.

૩.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા.ચેરપર્સન |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot



50-Q1-19-20